# સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ વદ - ૧૨/૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

નથી ગમતું ઘણું પણ કૈક તો એવું ગમે છે, બસ, એને કારણે આ ધરતીમાં રહેવું ગમે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૨ ● તારીખઃ ૧૦.૦૮.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# ઓસ્ટ્રેલિયાની ધરતી પર ૯ વર્ષની માહીએ જગાવ્યો રાષ્ટ્રપ્રેમનો સંદેશ

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ થયા ભાવવિભોરઃ જૂનાગઢના જનસંઘી પરિવારની ત્રીજી પેઢીએ વિદેશમાં વધાર્યું ભારતનું ગૌરવ; પીએમ મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને બાળકીને આપ્યા આશીર્વાદ

**સમય સંદેશઃ ડેસ્ક**

ગઈકાલે સામે આવેલા સમાચાર અનુસાર, જૂનાગઢની ધરતી સાથે જોડાયેલા અને જનસંઘના સંસ્કારોથી સિંચાયેલા પરિવારની ત્રીજી પેઢીએ ઓસ્ટ્રેલિયામાં ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રપ્રેમનો અવિસ્મરણીય સંદેશ આપ્યો છે. જૂનાગઢના વતની પિયુષભાઈ દેસાઈના પૌત્રી અને વર્ષ ૨૦૦૮થી ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલા જિજ્ઞેશ દેસાઈની ૯ વર્ષની પુત્રી માહી દેસાઈએ પોતાની દેશભક્તિથી ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત સૌ કોઈને ભાવવિભોર કરી દીધા હતા.

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે માર્વેલ સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની આલ્બનીઝની ઉપસ્થિતિમાં





યોજાયેલા ભારતીય સમુદાયના ભવ્ય કાર્યક્રમમાં નાની માહી આકર્ષણનું કેન્દ્ર બની હતી. માહીએ પહેરેલા ટી-શર્ટના આગળના ભાગમાં પીએમ મોદી તથા તેમના પૂજ્ય માતા હીરાબાનો ફોટો હતો, જ્યારે પાછળના ભાગમાં લખાયું હતું કે - ‘‘એક હી દેશ હૈ ભારત, જો વિશ્વ કી મહાસત્તા બનને જા રહા હૈ.‘‘ અભિવાદન દરમિયાન પીએમ મોદીની નજર માહી પર પડતાં તેઓ તરત જ રોકાઈ ગયા હતા અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાનનું ધ્યાન હીરાબાના ચિત્ર તરફ દોરી તેમનાં જીવનમૂલ્યોનો પરિચય આપ્યો હતો. ટી-શર્ટ પાછળનો સંદેશ વાંચી પીએમ મોદીએ આલ્બનીઝને કહ્યું કે, ‘‘જુઓ... આ છે અમારો રાષ્ટ્રપ્રેમ.‘‘ બંને દેશોના વડાપ્રધાનોએ

અનુ પાના નં.૨ પર

### દેશના રાજકારણમાં મોટા ગરમાવા વચ્ચે બે રાજ્યોમાં નવાં સમીકરણો

# તમિલનાડુમાં સર્વપક્ષીય બેઠકનો બહિષ્કાર, પંજાબમાં ભાજપ-અકાલી દળ ફરી સાથે આવવાની શક્યતા

## તમિલનાડુમાં તમિલગા વેટ્રી કઝગમ (TVK) અને DMK-AIADMK વચ્ચે સીમાઅંકન મુદ્દે ટક્કર; પંજાબમાં પીએમ મોદી સાથે બાદલની મુલાકાત બાદ અકાલી દળ બિલના સમર્થનમાં

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના રાજકીય પરિદ્રશ્યમાં ગઈકાલે બે મોટા રાજકીય ઘટનાક્રમો સામે આવ્યા છે. એક તરફ તમિલનાડુમાં સીમાઅંકનના મુદ્દે વિજય થલપતિ દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકથી વિપક્ષી દળ DMK અને AIADMK સહિત રાજ્યના મોટાભાગના સાંસદોએ દૂરી બનાવી લીધી છે. રાજ્યના કુલ ૫૭ સાંસદોમાંથી ૩૭ સાંસદોએ આ બેઠકનો બહિષ્કાર કર્યો હતો. કલાઈવાનર અરંગમ ખાતે યોજાયેલી આ બેઠકમાં કોંગ્રેસ, VCK,




વામપંથી દળો સહિત માત્ર ૨૦ સાંસદો જ હાજર રહ્યા હતા. DMKના કાનિમોઝીએ આ બેઠકને બિનજરૂરી ગણાવીને મુખ્ય મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

બીજી તરફ, પંજાબના રાજકારણમાં એક નવો વળાંક જોવા મળી રહ્યો છે. શુક્રવારે સુખબીર સિંહ બાદલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ મુલાકાત બાદ અકાલી દળે મહિલા અનામત અને સીમાંકન બિલને સમર્થન આપવાની

અનુ પાના નં.૨ પર

# બંગાળના પૂર્વ CM મમતા બેનરજીના કાફલા પર હુમલાથી રાજનીતિમાં ભૂકંપ

**સમય સંદેશઃ કોલકાતા**

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના હલીશહરમાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના કાફલા પર ટોળાએ હુમલો કર્યો હતો. કાફલો તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના એક મૃત કાર્યકરના ઘરે જઈ રહ્યો હતો ત્યારે ગુસ્સે ભરાયેલા ટોળાએ તેને વચ્ચે જ રોકી દીધો અને હુમલો કર્યો હતો.

વિરોધીઓએ મુખ્યમંત્રીની કારને ઘેરી લીધી, તેના પર કાદવ, પાણીની બોટલો, જૂતા અને ચંપલ ફેંક્યા. ગુસ્સે ભરાયેલા ટોળાએ મમતા બેનર્જી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા, તેમને ચોર અને ડાકુઓની રાણી ગણાવ્યા. પરિસ્થિતિ બગડતી જોઈને, પોલીસ દળ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું અને સુરક્ષા હેઠળ, મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા.



આ સમગ્ર હોબાળો એક મૃતક પક્ષ કાર્યકરના પરિવારે સ્થાનિક પોલીસ પર ગંભીર આરોપો લગાવ્યા બાદ શરૂ થયો હતો, જેમાં તેમણે કસ્ટડીમાં તેને નિર્દયતાથી માર મારવાનો આરોપ લગાવ્યો હતો.

# વડોદરાના ૬ યુવાનોના એક્સિડન્ટમાં મોત

## વાનના કાચ તોડીને લાશો કઢાઈ, ઉજ્જૈન દર્શન કરીને આવતાં હતા



**સમય સંદેશઃ ઉજૈન**


ધાર-ઉજ્જૈન હાઇવે પર સર્જાયેલા એક ભયાનક અકસ્માતમાં વડોદરાના ૬ યુવાનોના દર્દનાક મોત થયાં હતા. મૃતકો ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના દર્શન કરીને કારમાં ગુજરાત પરત ફરી રહ્યા હતા, અકસ્માતમાં એક યુવાનને ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

ઉજ્જૈન હાઇવે પર રોંગ સાઈડમાં લોખંડના સામાનથી ભરીને આવી રહેલી ટ્રક ધડાકાભેર કાર સાથે ટકરાઈ હતી, ટક્કર એટલી ભયંકર હતી કે કારના ફૂરચે-ફૂરચા થઈ ગયા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.

અકસ્માત બાદ અફરાતફરી મચી હતી અને સ્થાનિક તંત્ર સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતમાં કાર ખૂબ ક્ષતિગ્રસ્ત થઈ હોવાથી લાશો બહાર કાઢવી મુશ્કેલ કામ હતું પરંતુ આખરે કારના કાચ તોડીને લાશો બહાર કઢાઈ હતી અને પરિવારને સોંપાઈ હતી.

# ગિરનાર પર વરસાદી માહોલ વચ્ચે પ્રવાસીઓમાં રોમાંચ

## દેશભરના અનેક રાજ્યોમાં મેઘમહેરથી જળબંબાકારઃ જૂનાગઢના ગિરનાર પર્વત પર કુદરતી સૌંદર્ય ખીલી ઉઠ્યુંઃ દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં ભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ





**સમય સંદેશઃ જુનાગઢ**

ગઈકાલે જૂનાગઢના ઐતિહાસિક ગિરનાર પર્વત પર આહલાદક વરસાદી વાતાવરણ છવાઈ ગયું હતું. વરસાદ, વાદળો અને ઠંડા પવન વચ્ચે ગિરનારનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠતાં પ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાવનગરથી આવેલા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે, ગિરનારની સફર દરમિયાન ધાર્યા કરતાં પણ વધુ સુંદર વાતાવરણનો અહેસાસ થયો હતો. જૂનાગઢમાં પ્રવેશ દરમિયાન જંગલ રાજા સિંહના દર્શન થવાની સાથે ગિરનારની ઊંચાઈ પર વરસાદી માહોલમાં મન મૂકીને રીલ્સ બનાવીને સફર યાદગાર બનાવી હતી.

બીજી તરફ, દેશભરના અનેક રાજ્યોમાં મુશળધાર વરસાદે ભારે અસરો સર્જી છે. દિલ્હીમાં ઓગસ્ટના પ્રથમ આઠ દિવસમાં જ સમગ્ર મહિનાનો (૨૩૦.૧ મીમી) વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેના કારણે કાલિંદી કુંજ અને આઈટીઓ જેવા વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. રાજસ્થાનના જયપુરમાં સતત ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં ૩-૪ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા, જ્યારે મધ્યપ્રદેશના ડિંડોરીમાં ૬ ઇંચ

અનુ પાના નં.૨ પર

# મંત્રી પ્રવીણ માળી, મૂળુ બેરાએ બરડા સફારીની મુલાકાત લીધીઃ વન્યજીવન, પ્રાકૃતિક સૌંદર્ય નિહાળીને વિકાસ અંગે માહિતી મેળવી






રાજ્યકક્ષાના મંત્રી પ્રવીણ માળી અને ખંભાળિયા-ભાણવડના ધારાસભ્ય મૂળુભાઈ બેરાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના બરડા જંગલ સફારીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન બંને નેતાઓએ બરડા વિસ્તારની પ્રાકૃતિક સુંદરતા, જંગલ વિસ્તાર અને વન્યજીવનની વિવિધતા અંગે સઘન માહિતી મેળવી હતી. તેમણે બરડા જંગલને પ્રવાસન ક્ષેત્રે વધુ વિકસિત કરવાની વિવિધ શક્યતાઓ પર સ્થળ પર જ ચર્ચા કરી હતી. આ મુલાકાત સમયે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. અધિકારીઓએ બરડા જંગલ વિસ્તાર, વન્યજીવોના સંરક્ષણ માટે હાથ ધરાયેલા પગલાં અને જંગલ સફારી અંગેની જરૂરી વિગતો પૂરી પાડી હતી. આ પ્રસંગે બરડા વિસ્તારને ઈકો-ટુરિઝમના એક મહત્વના અને આકર્ષક સ્થળ તરીકે વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી..

### ફૌજ બનાવી છે !

ભારત માટે પશ્ચિમ એશિયામાંથી ચિંતાજનક સમાચાર આવ્યા છે. પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ મક્કામાં કરેલો સંયુક્ત સંરક્ષણ કરાર, ઈસ્લામિક નાટો માત્ર ત્રણ મુસ્લિમ દેશો વચ્ચેનો સામાન્ય લશ્કરી સહયોગ નથી. આવતીકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય અને પાકિસ્તાન પોતાના પર ભારતે હુમલો કર્યો હોવાનો દાવો કરે તો મક્કા કરાર પ્રમાણે તે માત્ર પાકિસ્તાન પરનો નહીં, સાઉદી અરેબિયા અને તુર્કી પરનો પણ હુમલો ગણાશે. તેનો અર્થ એવો નથી કે બીજા જ દિવસે તુર્કી અને સાઉદીની સેનાઓ ભારત સામે મોરચો ખોલી દેશે. કરારમાં સામૂહિક સુરક્ષાનો સિદ્ધાંત સ્પષ્ટ છે, પરંતુ તેના જવાબનું લશ્કરી સ્વરૂપ શું હશે તેની જાહેર વિગતો સ્પષ્ટ નથી. છતાં પાકિસ્તાનને શસ્ત્રો, ડ્રોન, દારૂગોળો, ગુપ્તચર માહિતી, ટેકનોલોજી, નાણાકીય સહાય અને રાજદ્વારી પીઠબળ મળવાની શક્યતા હવે માત્ર મિત્રતાનો વિષય રહી નથી, તેને સંસ્થાકીય આધાર મળ્યો છે. તેની સૌથી મહત્ત્વની જોગવાઈ એવી છે કે ત્રણમાંથી કોઈ એક દેશ પર થનારો સશસ્ત્ર હુમલો ત્રણેય દેશો પરનો હુમલો ગણાશે. આ જ સિદ્ધાંત નાટોની સામૂહિક સુરક્ષા વ્યવસ્થાના મૂળમાં છે. તેથી તેને 'ઈસ્લામિક નાટો' કહેવામાં આવે છે. ભારતે આ કરારને પશ્ચિમ એશિયાની ઘટના ગણીને જોવાની ભૂલ ન કરવી જોઈએ. કારણ બહુ સ્પષ્ટ છેઃ આ ત્રિપુટીમાં પાકિસ્તાન છે. ભારત માટે તુર્કીની ભૂમિકા વધારે ચિંતાજનક છે. ઓપરેશન સિંદૂર વખતે તુર્કીએ પાકિસ્તાનને ખુલ્લું સમર્થન આપ્યું અને તુર્કી બનાવટના ડ્રોનનો ઉપયોગ પણ પાકિસ્તાને કર્યો. હવે એ જ તુર્કી પાકિસ્તાન સાથે ઔપચારિક સામૂહિક સંરક્ષણ વ્યવસ્થામાં જોડાયું છે. બીજી તરફ સાઉદી અરેબિયા ભારતનો મહત્ત્વનો ઊર્જા અને આર્થિક ભાગીદાર હોવા છતાં તેની પાકિસ્તાન સાથેની દાયકાઓ જૂની વ્યૂહાત્મક અને લશ્કરી નિકટતા છે. આ ત્રિપુટીનું સામર્થ્ય પણ અવગણવા જેવું નથી. પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રો અને વિશાળ સૈન્ય છે. તુર્કી નાટોનું સભ્ય છે, તેની પાસે નાટોમાં અમેરિકાને બાદ કરતાં સૌથી મોટી સેનાઓ પૈકીની એક સેના અને વિકસિત ડિફેન્સ ઈન્ડસ્ટ્રી છે. સાઉદી પાસે અઢળક નાણાકીય સંસાધનો અને પશ્ચિમમાંથી ખરીદેલું આધુનિક શસ્ત્રભંડાર છે. એટલે એક તરફ પૈસા, બીજી તરફ આધુનિક લશ્કરી ટેકનોલોજી અને ત્રીજી તરફ પરમાણુ શસ્ત્રો ધરાવતા પાકિસ્તાનનું સંયોજન ભારતના સુરક્ષા ગણિતમાં નવું પરિબળ ઉમેરે છે. આ કરારનું તાત્કાલિક કારણ ઈરાનયુદ્ધ અને પશ્ચિમ એશિયાની અસુરક્ષા છે.




# જામનગરમાં જુગારના દરોડા, ૨૧ ઝડપાયાઃ ત્રણ સ્થળેથી ૧.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જુગારના ત્રણ અલગ-અલગ સ્થળો પર દરોડા પાડીને કુલ ૨૧ જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૧.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રથમ દરોડામાં, સીટી-સી ડિવિઝન પોલીસે શંકરટેકરી વિસ્તારમાં મામદશાહપીરની દરગાહ પાસે કાર્યવાહી કરી હતી. અહીંથી તીનપત્તીનો જુગાર રમતા પાંચ શખ્સોને ૧૩,૯૦૦ રોકડ રકમ સાથે પકડી પાડવામાં આવ્યા હતા.

બીજા દરોડામાં, પંચકોશી-એ ડિવિઝન પોલીસે મોડપર ગામ નજીક રવેચી હોટલ પાસે બાવળની કાંટમાં કાર્યવાહી કરી. રોન પોલીસનો જુગાર રમતા ચાર શખ્સોને ૧૮,૫૫૦ રોકડ સાથે ઝડપી લેવાયા હતા, જ્યારે એક શખ્સને નોટિસ આપી છોડી મૂકવામાં આવ્યો હતો.

ત્રીજા દરોડામાં, કઈઇ (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમે હાપા વિસ્તારમાં કીયા કાર શોરૂમ સામે આવેલા ગેરેજની ઓરડીમાં કાર્યવાહી કરી. આ સ્થળેથી ધોડીપાસાનો જુગાર રમતા ૧૨ શખ્સોને પકડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ૭૧,૬૦૦ રોકડા અને ૩૧,૦૦૦ ની કિંમતના આઠ મોબાઈલ ફોન સહિત કુલ ૧,૦૨,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# શાક માર્કેટ-મુખ્ય બજારમાં સફાઈ, કાયમી સફાઈની પ્રબળ લોકમાંગણી

## ખંભાળિયા શહેરમાં ગંદકી-ઉકરડાના ઢગલાઓ દૂર કરવા આખરે તંત્ર દોડ્યું



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળિયામાં છેલ્લા કેટલાક દિવસોથી ગંદકીના ગંજ ખડકાયા બાદ વ્યાપક બુમરાળ અને વિસ્તૃત અહેવાલો પ્રસિદ્ધ થતાં આખરે પાલિકા તંત્ર દોડતું થયું છે. તંત્ર દ્વારા શહેરના શાક માર્કેટ અને મુખ્ય બજાર વિસ્તારમાં તાત્કાલિક અસરથી સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, સમયાંતરે સર્જાતી આ શિરદર્દ સમાન સમસ્યાને ડામવા માટે સ્થાનિકોમાં કાયમી નિરાકરણની પ્રબળ માંગણી ઉઠી છે.

ખંભાળિયા શહેરમાં જુદા જુદા સ્થળે ગંદકી તથા ઉકરડાની સ્થિતિ સર્જાઈ હતી, જેમાં હજામ પાડાથી શાક માર્કેટ જતો રસ્તો અડધો કચરા તથા પ્લાસ્ટિકથી ઢંકાઈ ગયો હતો. આ ઉપરાંત શાક માર્કેટ પાસે ગંદકીના ઢગલા, સોમૈયા નાસ્તા ભુવન પાસેની ગલીમાં તેમજ સલાયા ગેટ પાસે ઉભરાતી ગટરો અને મચ્છરોના ઉપદ્રવ અંગેના અહેવાલો ધ્યાન પર આવતાં ચીફ ઓફિસર રાહુલ કરમુરના આદેશથી સેનેટરી ઇન્સપેક્ટર સંજય કરમુર અને તેમની ટીમે જેસીબી તથા ટ્રેક્ટરોની મદદથી હજામ પાડો, સુપર માર્કેટ, શાક માર્કેટ, સલાયા ગેટ અને સોમૈયા નાસ્તા ભુવન સહિતના વિસ્તારોમાંથી કચરો અને પ્લાસ્ટિક હટાવીને દવા છંટકાવની કામગીરી હાથ ધરી હતી.

સલાયા ગેટ પાસે ગટરો ઉભરાતી અટકાવવા તથા સાફ-સફાઈ કરવાની કામગીરી હાથ ધરાતાં સ્થાનિક લોકો અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. શહેરમાં જુદા જુદા સ્થળે ખડકાતા કચરાને નિયમિત રીતે સાફ કરવામાં આવે તેમજ હાલ માખી-મચ્છરોનો વ્યાપક ઉપદ્રવ હોવાથી સમગ્ર શહેરમાં દવા છંટકાવ, પાવડર છંટકાવ અને ફોગિંગ મશીન દ્વારા સઘન કામગીરી કરવામાં આવે તેવી માંગ પણ રહીશો દ્વારા કરવામાં આવી છે.

# ખંભાળિયામાં નર્મદા નીરના વધામણાંઃ ઘી ડેમમાં 'સૌની' યોજના હેઠળ પાણીનો સપ્લાય શરૂ

## સાંસદ પૂનમબેન માડમ અને ધારાસભ્ય મૂળુભાઈ બેરા સહિતના અગ્રણીઓની રજૂઆત રંગ લાવી; નગરજનોમાં હરખની હેલી

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળિયાની પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ અર્થે 'સૌની' યોજના હેઠળ ઘી ડેમમાં નર્મદાના પાણીનો સપ્લાય વિધિવત રીતે શરૂ કરવામાં આવ્યો છે. સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયા-ભાણવડના ધારાસભ્ય મૂળુભાઈ બેરા તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ અધ્યક્ષ મયુરભાઈ ગઢવી સહિતના સ્થાનિક આગેવાનો દ્વારા રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ આ અંગે સતત અને અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી, જેને આખરે સફળતા સાંપડી છે.

ઘી ડેમમાં નર્મદાના નીરનું આગમન થતાં જ ખંભાળિયા શહેર અને આસપાસના વિસ્તારના નગરજનોમાં ભારે આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. ઉનાળા કે પાણીની અછતની સ્થિતિમાં નર્મદાના આ સપ્લાયથી વિસ્તારમાં પીવાના પાણીની સ્થિતિ વધુ સુદ્રઢ બનશે. તંત્ર અને શાસકોના આ પ્રજાલક્ષી નિર્ણયને ખંભાળિયાના રહીશો અને સ્થાનિક વેપારીઓ દ્વારા સહર્ષ આવકારવામાં આવ્યો છે.

# યુવકે ફિનાઈલ પી લેતા જામનગરની જી.જી.માં સારવારમાં ખસેડાયોઃ શહેરમાં વ્યાજખોરોનો અસહ્ય ત્રાસઃ યુવાનનો આપઘાતનો પ્રયાસ

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગરમાં વ્યાજખોરીની રાક્ષસી જાળનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. માર્ચ ૨૦૨૫માં જરૂરિયાત ઊભી થતાં બે શખ્સો પાસેથી લીધેલા રૂ.૧૩ લાખ સામે યુવકે ૨૦ ટકા વ્યાજ ગણીને રૂ.૨૨ લાખ જેવી માતબર રકમ ચૂકવી આપી હતી. છતાં પણ વ્યાજખોરોએ વધુ નાણાંની ઉઘરાણી ચાલુ રાખી, ધમકી આપીને સ્કૂટર અને કોરા ચેક પડાવી લેતાં આખરે કંટાળેલા યુવકે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે.

કાલાવડ નાકા બહાર ગ્રીન પાર્કમાં રહેતા અમન યુનુસભાઈ મલેક (ઉ.વ.૨૩) નામના યુવાને અનિશ યુસુફભાઈ મીનાણી અને તૌફીક યુસુફભાઈ મીનાણી પાસેથી ૨૦ ટકાના વ્યાજે કટકે કટકે રૂ.૧૩ લાખ લીધા હતા. અમન મલેકે રોકડ અને ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ.૨૨ લાખ ચૂકવી દીધા હોવા છતાં બંને શખ્સોની દાનત બગડી હતી.

બંને વ્યાજખોરોએ બળજબરીથી યુવાન પાસેથી ૨ કોરા ચેક અને તેનું સ્કૂટર આંચકી લીધું હતું. આટલેથી ન અટકી, તેઓ અવારનવાર ગાળો ભાંડી પગ ભાંગી નાખીશું તેવી ધમકીઓ આપતા હતા તેમજ કોરા ચેકનો ઉપયોગ કરી જેલમાં પુરાવી દેવાની ધમકી આપતા હતા.

વ્યાજખોરોના સતત માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને આખરે યુવાને ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેમની હાલત સુધારા પર છે અને આ મામલે અમન મલેકે પોલીસ મથકમાં બંને વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે.

# બારાડી લોહાણા સમાજનું ગૌરવ વધારતો મંથન પાબારી




**સમય સંદેશઃ ભાટિયા**
**(અશ્વિન જોશી દ્વારા)**

ગુજરાત અને ભારતની જાણીતી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ફિઝિક્સવાલા દ્વારા તારીખ ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ તેમના ઓનલાઇન કોર્સ કરનાર અને તેમાં ઉચ્ચ સિદ્ધિ હાંસિલ કરનાર વિદ્યાર્થીઓનો અમદાવાદ ખાતે વિજય ઉત્સવ નામે કાર્યક્રમ રાખી શિલ્ડ અને પ્રમાણપત્ર આપા બહુમાન કરવામાં આવેલ. તેમાં મૂળ બારાડી વિસ્તારના ભાટિયાના વતની અને હાલ જામનગર અભ્યાસ કરનાર મંથન પાબારીને ગુજકેટ માં ૧૦૦ ગુણ તેમજ નીટમાં ૮૯.૯૬ ડછ મેળવવા બદલ ફિઝિક્સવાલાની જાણીતી ફેકલ્ટીઓ દ્વારા બે શિલ્ડ આપી સન્માન કરવામાં આવેલ હતું.ભવિષ્યમાં ડોક્ટર બની સેવાનું સપનું જોતો મંથન ભાટિયા માર્કેટિંગ યાર્ડના ભૂતપૂર્વ ડાયરેક્ટર કિશોરભાઈ પાબારીના પુત્ર અને બારાડી વિસ્તારના જાણીતા સમાજ સેવક મોહનબાપા પાબારીના પૌત્ર થાય છે. મંથનને સગા સ્નેહીઓ અને મિત્રો દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

થોડા સમય પૂર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પહેલી ટર્મના ચૂંટણીપ્રચારમાં કામ કરનારી કંપની કેમ્બ્રિજ એનાલિટિકાએ ફેસબુકના પાંચ કરોડ વપરાશકારોના ડેટા તેમની જાણબહાર ઉડાવી લીધાનું બહાર આવતાં દુનિયાભરમાં સનસનાટી મચી ગઈ હતી. અમેરિકાથી શરૂ થયેલો ફેસબુક ડેટાચોરી વિવાદ ભારતમાં પણ પહોંચ્યો છે.

અત્યાર સુધી એવું મનાતું હતું કે ભારતમાં સોશિયલ મીડિયાનો વ્યાપ અન્ય દેશોની સરખામણીમાં ઓછો છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર એલફેલ પ્રકારના સંદેશાનો મારો ચાલતો હોઈ ભારતીય મતદારોનાં મન અને મત ફેરવી નાખવાની શક્યતા ઓછી છે. પરંતુ બિહાર, બંગાળની ચૂંટણીના અણધાર્યા પરિણામ પછી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા થઈ રહી છે કે ઇલેક્શનમાં સોશિયલ મિડિયા મહત્ત્વનો રોલ ભજવી રહ્યું છે. આવનારા દિવસોમાં મતદારોનું માનસ ભ્રમિત કરવાની પ્રવૃત્તિને વેગ મળી શકે છે.

અહીં એ વાતની પણ નોંધ લેવી ઘટે કે ભારતીયો પોતાના ડેટાની પ્રાઈવસી અંગે જોઈએ એટલા ગંભીર નથી. ડેટા લીક થવાની વાત છાશવારે આવ્યા કરે છે પણ કોઈ પણ ભારતીયનાં પેટનું પાણી હાલતું નથી. અગાઉ વાડ પર બેઠેલા મતદારોનું મન વાળવાં ભાષણો કે ટીવીપ્રચાર પર ભાર રહેતો હતો, પરંતુ આવનારા દિવસોમાં ડેટા એનાલિટિક્સ દ્વારા રણનીતિ નક્કી કરી સોશિયલ મીડિયા દ્વારા તેનું અમલીકરણ થશે ત્યારે તેનો લાભ ભાજપ - કોંગ્રેસ અને અન્ય પક્ષો જરૂર લેશે જ.

### ફૂડ શાખા દ્વારા

(પાના નં. ૪ થી આગળ)

વિક્રેતાઓને ત્યાં તપાસણી કરવામાં આવી હતી. જે તપાસણી દરમિયાન ફૂડ શાખા દ્વારા પાંચ કિલો એનાલોગ પ્રોડકટસ ઉપરાંત સાત કિલો જેટલા વાસી પદાર્થનો નાશ કર્યો હતો.ફૂડ શાખા દ્વારા આગામી દિવસોમાં પણ ચેકીગ ઝુંબેશ યથાવત રાખવામાં આવશે. એનાલોગ પનીર સહિત ૬૬ કિલો જથ્થાનો નાશ મનપાની ફૂડ શાખા દ્વારા ત્રિ દિવસીય ઝુંબેશ દરમિયાન જુદા જુદા સાડા પાંચ ડઝન સ્થળ પર ચેકીંગ હાથ ધરાયુ હતુ.જેમાં એનાલોગ પનીર, બટર,ચીઝ ઉપરાંત અખાધ પદાર્થો સહિત લગભગ ૬૬ કિલો જેટલા જથ્થાનો નાશ કરવામાં આવ્યો હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ.

### 'છાત્રો કી ગુંજ'

(પાના નં. ૪ થી આગળ)

અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. જામનગરમાં આયોજિત આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા સહિતના હોદ્દેદારો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા.

### પાણી ફરી વળ્યા

(પાના નં. ૩ થી આગળ)

મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા લાઈનનું સમારકામ હાથ ધરીને લીકેજ બંધ કરવા અને પાણીનો વેડફાટ અટકાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### શંકાસ્પદ જથ્થો કબજે

(પાના નં. ૩ થી આગળ)

આવ્યા હતા. જે પાર્સલની પ્રાથમિક ચકાસણી બાદ જીએસટી ટીમે લગભગ ૧૫૦૦ કિલોથી વધુ જથ્થો શંકાસ્પદ ગણી કબજે કર્યો હતો. જોકે, સંબંધિત તમામ માલસામાનના નિયમ મુજબ બિલ છે કે કેમ તે સહિતની તમામ બાબતોને આવરીને જીએસટી વિભાગ દ્વારા ઝીણવટભરી તપાસ શરૂ કરાઈ છે.

જો તપાસના અંતે નિયમ મુજબના બિલ વગરનો માલસામાન નીકળશે તો સંબંધિતો સામે દંડાત્મક સહિતની કાર્યવાહી હાથ ધરાશે તેવા નિર્દેશ સૂત્રોમાંથી સાંપડ્યા છે. બીજી બાજુ જામનગરમાં લાંબા સમયના અંતરાલ બાદ ફરી જીએસટી વિભાગ દ્વારા ચેકિંગ સહિતની કાર્યવાહી હાથ ધરાતાં નિયમ અવગણના કરનારા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

### કાલાવડનો ગુમ યુવક

(પાના નં. ૩ થી આગળ)

હેઠળ પોલીસે તપાસ તેજ કરી હતી. કઈઇ અને સ્થાનિક ટીમે અતુલભાઈના જૂના ફેસબુક આઈડીમાં રહેલા ફ્રેન્ડ્સ અને ફોલોઅર્સના વીડિયોનું વિશ્લેષણ કરતાં એક વીડિયોમાં અતુલભાઈ નજરે પડ્યા હતા, જેથી પોલીસને તપાસ માટે મહત્વની કડી મળી હતી.

મળેલી કડીના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરતાં અતુલભાઈ અમદાવાદના નરોડા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મજૂરી કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. કાલાવડ પોલીસની ટીમે તાત્કાલિક અમદાવાદ પહોંચી અતુલભાઈને શોધી કાઢ્યા હતા અને કાલાવડ લાવીને પરિવાર સાથે મિલાપ કરાવતાં પરિવારે રાહતનો શ્વાસ લીધો છે.

### રાષ્ટ્રપ્રેમનો સંદેશ

(પાના નં. ૧ થી આગળ)

માહીને પાસે બોલાવીને સ્નેહપૂર્વક આશીર્વાદ આપ્યા હતા. ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યના અગ્રણી મિડિયાએ પણ આ ઘટનાની નોંધ લઈ સરાહના કરી હતી.

આ ગૌરવપૂર્ણ સમાચાર જૂનાગઢ પહોંચતા જ ભાજપ મહાનગર અધ્યક્ષ ગૌરવભાઈ રૂપારેલિયા, જૂના જનસંઘી જીતુભાઈ ભીંડી સહિત શહેરના આગેવાનોએ નાની માહી દેસાઈને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિદેશની ધરતી પર પણ ભારતીય સંસ્કૃતિ, માતૃભક્તિ અને રાષ્ટ્રપ્રેમને જીવંત રાખનારી માહી સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની છે અને આવી નવી પેઢી જ ભારતના ઉજ્જ્વળ ભવિષ્યને વધુ મજબૂત બનાવે છે.

### તમિલનાડુમાં સર્વપક્ષીય

(પાના નં. ૧ થી આગળ)

મોટી જાહેરાત કરી છે. વર્ષ ૨૦૨૦માં ત્રણ કૃષિ કાયદાઓના મુદ્દે ભાજપ અને અકાલી દળનું વર્ષો જૂનું ગઠબંધન તૂટી ગયું હતું. જોકે, પંજાબમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસને સબળ પડકાર આપવા માટે બંને જૂના સાથી પક્ષો ફરી એકવાર ગઠબંધન કરે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, પંજાબમાં અકાલી દળનો જનાધાર ગ્રામીણ અને શીખ સમુદાયમાં મજબૂત છે, જ્યારે ભાજપ શહેરી વિસ્તારોમાં પકડ ધરાવે છે. ભૂતકાળમાં ૧૯૯૭, ૨૦૦૭ અને ૨૦૧૨માં આ ગઠબંધને સફળતાપૂર્વક સરકાર બનાવી હતી. ભાજપ કે અકાલી દળ દ્વારા હજુ સત્તાવાર ગઠબંધનની જાહેરાત કરાઈ નથી, પરંતુ બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે સમગ્ર દેશની નજર પંજાબ અને તમિલનાડુના આ નવા રાજકીય મોરચા પર મંડાયેલી છે.

### ગિરનાર પર વરસાદી

(પાના નં. ૧ થી આગળ)

વરસાદ પડતાં નર્મદા નદીના પુલ પરથી પાણી વહેતા થયા હતા.

આ ઉપરાંત પૂર્વોત્તર રાજ્યોમાં પણ મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. આસામના ગુવાહાટીના રુક્મિણી ગામમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાતાં લોકો ઘૂંટણસમા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા. તેમજ નાગાલેન્ડના દીમાપુરમાં સતત વરસાદના કારણે ઘરમાં પૂરના પાણી ઘૂસી જતાં વીજકરંટ લાગવાથી કોલેજના અંતિમ વર્ષના એક વિદ્યાર્થીનું કરૂણ મોત નીપજ્યું હતું. આમ, એક તરફ પ્રવાસન સ્થળો પર કુદરતી મૌસમનો આનંદ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે.

# અમદાવાદના આનંદનગરમાં PGમાં રહેતી વિદ્યાર્થિની પર સિક્યોરિટી ગાર્ડનો દુષ્કર્મ




**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં આવેલા એક પેઇંગ ગેસ્ટમાં રહીને ઇન્ટિરિયર ડિઝાઇનિંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે સિક્યોરિટી ગાર્ડ દ્વારા દુષ્કર્મ આચરાયાની ગંભીર ઘટના સામે આવી છે. રાત્રિના સમયે ધાબા પર ચાલવા ગયેલી વિદ્યાર્થિની પાછળ પહોંચી ગયેલા ગાર્ડે ધાબાનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. ત્યારબાદ વાયરથી વિદ્યાર્થિનીનું ગળું દબાવીને તેની પર દુષ્કર્મ આચર્યું હતું અને વિદ્યાર્થિનીને ધાબા પર જ પૂરીને ભાગી છૂટ્યો હતો. યુવતીએ બૂમાબૂમ કરતાં મકાનમાલિકોએ દરવાજો ખોલીને પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ આનંદનગર પોલીસ, LCB ઝોન-૭ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની ૧૦થી વધુ ટીમો રચવામાં આવી હતી. સીસીટીવી ફુટેજના આધારે કોમ્બિંગ હાથ ધરી પોલીસે આરોપી ધર્મસિંહ રામશંકરસિંહને હેબતપુર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી મૂળ ઉત્તર પ્રદેશના હરદોઈનો વતની છે અને છેલ્લા ચાર વર્ષથી અમદાવાદમાં અવારનવાર આવી અલગ-અલગ જગ્યાએ સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી માત્ર ચાર દિવસ પહેલાં જ 'એવન સિક્યોરિટી એજન્સી'માં જોડાયો હતો. એજન્સીએ કોઈ પણ પ્રકારનું પોલીસ વેરિફિકેશન કે તાલીમ આપ્યા વગર માત્ર આઈડી પ્રૂફ લઈને તેને તહેનાત કરી દીધો હતો. એજન્સીની આ ગંભીર બેદરકારી બદલ કાયદાકીય કડક પગલાં લેવાશે. બીજી તરફ FSL ટીમ દ્વારા પુરાવા એકત્ર કરાયા છે અને યુવતીના મેડિકલ તથા ઉગઅ ટેસ્ટ કરાવી કેસમાં ઝડપથી ચાર્જશીટ રજૂ કરવાની તૈયારી હાથ ધરાઈ છે.

આ શરમજનક ઘટના બાદ પોલીસ તંત્ર દ્વારા તમામ સોસાયટીના હોદ્દેદારોને ખાસ અપીલ કરવામાં આવી છે. ચેરમેન અને સેક્રેટરીઓએ પોતાની સોસાયટીમાં રાખવામાં આવેલા તમામ સિક્યોરિટી ગાર્ડની માહિતી અને તેમનું પોલીસ વેરિફિકેશન અવશ્ય ચકાસી લેવું, જેથી ગુનાઈત ઇતિહાસ ધરાવતી કોઈપણ વ્યક્તિને સોસાયટીમાં નોકરી પર રખાતી અટકાવી શકાય.

## નામ બદલાવેલ છે

હું, ઘાણીવાલા મહમદમુખ્તાર, આથી જાહેર કરું છું કે મેં મારું નામ ઘાણીવાલા મહમદમુખ્તાર હુશેન માંથી બદલીને ઘાણીવાલા મહમદમુખ્તાર રાખ્યું છે.

આથી આજથી અને હવેથી હું તમામ હેતુઓ માટે ઘાણીવાલા મહમદમુખ્તાર નામથી જ ઓળખાઈશ અને ઓળખાવાઈશ.

# કેરળની સ્પર્ધામાં નચિકેતા ગુપ્તા આંતરરાષ્ટ્રીય કાયકિંગ ચેમ્પિયન બન્યા

## માલાબાર રિવર કોમ્પિટિશન જીતનાર પ્રથમ ગુજરાતી કાયકર, સિંચાઈ વિભાગમાં આસિસ્ટન્ટ એન્જિનિયર






**સમય સંદેશઃ જામનગર**

કેરળમાં યોજાયેલી 'માલાબાર રિવર ઇન્ટરનેશનલ કાયકિંગ કોમ્પિટિશન-૨૦૨૬'માં જામનગરના નચિકેતા ગુપ્તાએ ઐતિહાસિક વિજય મેળવ્યો છે. સિંચાઈ વિભાગમાં આસિસ્ટન્ટ એન્જિનિયર ક્લાસ-૨ તરીકે ફરજ બજાવતા નચિકેતાએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. તેઓ આંતરરાષ્ટ્રીય વ્હાઇટ વોટર કાયકિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનારા ગુજરાતના પ્રથમ કાયકર બન્યા છે. આ સ્પર્ધા કેરળના કોઝિકોડ જિલ્લાની ચાલીપુઝા અને ઇરુવાઝિંજી નદીઓના તીવ્ર રેપિડ્સ પર યોજાઈ હતી, જેમાં ભારત ઉપરાંત યુરોપ, અમેરિકા, કેનેડા, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૦થી વધુ દેશોના શ્રેષ્ઠ કાયકરોએ ભાગ લીધો હતો. નચિકેતા ગુપ્તાએ 'બોટર ક્રોસ' અને 'ડાઉનરિવર રેસ' જેવી કઠિન ઇવેન્ટ્સમાં પોતાની અસાધારણ ઝડપ, સંતુલન, તકનીકી કૌશલ્ય અને ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતાથી વિશ્વભરના સ્પર્ધકોને પાછળ છોડી આ સફળતા મેળવી હતી.

કાયકિંગ એ વિશ્વની પ્રતિષ્ઠિત રમત છે, જેની કેટલીક શાખાઓ ઓલિમ્પિકમાં પણ સામેલ છે. 'વ્હાઇટ વોટર કાયકિંગ'ને સૌથી વધુ સાહસિક માનવામાં આવે છે. સરકારી સેવાની વ્યસ્ત ફરજો વચ્ચે પણ નચિકેતા ગુપ્તાએ અવિરત મહેનત અને કઠોર તાલીમ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુકામ હાંસલ કર્યો છે. તેઓ આ પૂર્વે સ્કીઇંગ, પેરાગ્લાઇડિંગ, સ્કાયડાઇવિંગ અને પર્વતારોહણ જેવી સાહસિક રમતોમાં પણ ગુજરાતનું સફળ પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.

પોતાની આ સિદ્ધિ અંગે નચિકેતા ગુપ્તાએ જણાવ્યું કે, ''આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને ચેમ્પિયન બનવું એ મારા માટે અત્યંત ગૌરવની ક્ષણ છે. મારી ઈચ્છા છે કે આ સિદ્ધિથી પ્રેરિત થઈને ગુજરાતના વધુને વધુ યુવાનો વ્હાઇટ વોટર કાયકિંગ જેવી રોમાંચક અને સાહસિક રમતો તરફ આગળ વધે.'' તેમની આ સિદ્ધિ ગુજરાતના સાહસિક રમતગમતના ઇતિહાસમાં એક નવો સુવર્ણ અધ્યાય ઉમેરે છે.

# ગિરમાં સિંહોની સંખ્યા ૨૦૦થી વધી ૮૯૧ થઈઃ સાંસદ પરિમલ નથવાણીએ વિશ્વ સિંહ દિવસે સંરક્ષણના ચાર દાયકા યાદ કર્યા




**સમય સંદેશઃ જામનગર**

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ ગિર અને એશિયાઈ સિંહો સાથેના તેમના ચાર દાયકાથી વધુ જૂના જોડાણને યાદ કર્યું. તેમણે જણાવ્યું કે ૧૯૮૭માં ગીરમાં એશિયાઈ સિંહોની સંખ્યા આશરે ૨૦૦ હતી, જે આજે વધીને ૮૯૧ સુધી પહોંચી છે.

આ સંખ્યાવૃદ્ધિને તેમણે વન્યજીવ સંરક્ષણની નોંધપાત્ર સફળતા ગણાવી. આ સફળતાનો શ્રેય તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન ઉપરાંત વનવિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, નિષ્ણાતો, પશુચિકિત્સકો, સ્થાનિક ગ્રામજનો અને સિંહપ્રેમીઓની અથાગ મહેનતને આપ્યો. સિંહ સંરક્ષણ માટે કરાયેલી કામગીરી અંગે નથવાણીએ માહિતી આપી કે, ખુલ્લા કૂવામાં સિંહો અકસ્માતનો ભોગ ન બને તે માટે ૨૮૨૮ જેટલા ખુલ્લા કૂવાઓ પર પેરાપેટ કઠેડા બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, રેલવે ટ્રેક પર સિંહોના અકસ્માતને રોકવા માટે ફેન્સિંગ અને ટ્રેનોની ગતિ નિયંત્રિત કરવા માટે પણ સતત પ્રયાસો થયા છે.

તેમણે બેબિઓસિસ અને કેનાઇન ડિસ્ટેમ્પર વાયરસથી અસરગ્રસ્ત સિંહોની સારવાર માટે નિષ્ણાતોની મદદ લેવાના પ્રયાસોને પણ યાદ કર્યા. આ સાથે, 'જય-વીરુ' નામના સિંહોની જોડીને બચાવવાના પ્રયાસોનો પણ તેમણે ઉલ્લેખ કર્યો. સાંસદ પરિમલ નથવાણીએ ગિર વિસ્તારમાં વધતા રિસોર્ટ અને હોમસ્ટેના કારણે વધી રહેલા ધ્વનિ અને પ્રકાશ પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે સરકારને આ અંગે યોગ્ય પગલાં લેવા માટે અપીલ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સિંહો બદલાતા પર્યાવરણ સાથે અનુકૂલન સાધી રહ્યા છે અને હવે ગિરની બહાર પણ વિસ્તરી રહ્યા છે. સિંહોના ભવિષ્ય માટે સુરક્ષિત વન્યજીવ કોરિડોર, પૂરતો કુદરતી શિકાર અને માનવ પજવણીથી મુક્ત જીવન જરૂરી છે. વિશ્વ સિંહ દિવસ નિમિત્તે, તેમણે સૌને ગિરને ગંદું કે પ્રદૂષિત ન કરવા અને સિંહોને પજવણી કે નુકસાન ન પહોંચાડવાનો સંકલ્પ લેવા માટે અપીલ કરી.

# જામનગરમાં પાણીની તંગી વચ્ચે વેડફાટઃ જોગર્સ પાર્ક પાસે લાઈન તૂટતાં માર્ગો પર પાણી ફરી વળ્યા

## ડેમના તળિયા દેખાતાં એકાંતરા પાણી અપાતું હોવા છતાં તંત્રની બેદરકારી સામે લોકોમાં રોષ; અડધો કિલોમીટર સુધી રસ્તાઓ જળબંબાકાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પોશ ગણાતા જોગર્સ પાર્ક વિસ્તાર નજીક અચાનક પાણીની મુખ્ય લાઈન તૂટી જવાની ઘટના સામે આવી છે. હાલ શહેરમાં પાણીની તંગી ચાલી રહી છે ત્યારે લાઈન તૂટવાને કારણે હજારો લીટર શુદ્ધ પાણી રસ્તાઓ પર વેડફાઈ ગયું હતું. લાઈનમાંથી એટલી ક્ષમતામાં પાણી વહ્યું હતું કે માર્ગો પર અડધા કિલોમીટરથી પણ વધુ અંતર સુધી પાણી-પાણીના દ્રશ્યો સર્જાયા હતા, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે પરેશાનીમાં મુકાયા હતા.


તસવીરઃ હિરેન ગાંધી

બીજી તરફ જામનગર મહાનગરપાલિકા દ્વારા જળાશયોના તળિયા દેખાવા લાગતાં અને પાણીની તીવ્ર અછત ઊભી થતાં શહેરમાં એકાંતરા દિવસોમાં પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. એક તરફ પ્રજા પાણીના ટીંપા-ટીંપા માટે ઝૂરતી હોય અને બીજી તરફ તંત્રની કુંભકર્ણ નિદ્રાના કારણે આ રીતે લાખો લીટર પીવાના પાણીનો દુર્વ્યય થતો જોઈને સ્થાનિક નાગરિકોમાં વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો અને ભારે આક્રોશ ઊભો થયો છે.

જોકે આ સમગ્ર મામલે લાઈન ક્ષતિગ્રસ્ત થવાની જાણ થતાં જ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ વિસ્તારની પાણીની પાઈપલાઈન ખૂબ જ જૂની હોવાના કારણે આ સમસ્યા સર્જાઈ છે. હાલ

અનુ પાના નં.૨ પર

# વગર વરસાદે પ્રજાપતિની વાડી પાસે વહેતી ગંદકી


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આયુર્વેદિક હોસ્પિટલની સામેની શેરીમાં પ્રજાપતિ સમાજની વાડીવાળી શેરીમાં વગર વરસાદે ગટર ગંગા વહે છે. કાયમી આ રીતે ગટરના પાણીના ખાબોચિયા ભરેલા હોવાથી રાહદારીઓ ત્રાહિમામ થાય છે. અનેકવાર ફરિયાદ કરવા છતાં એ ગટર ઉભરાવવાનો પ્રશ્ન શા માટે હલ થતો નથી તે સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે.

# ધ્રોલ શહેરના ભૂચરમોરી નજીક જર્જરિત ટાંકી ડિમોલિશ કરાઈ

## લોકોની સુરક્ષાને ધ્યાને રાખી તંત્રએ લીધો નિર્ણય; તંત્રની કામગીરીથી સ્થાનિકોએ રાહત અનુભવી

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલી ઐતિહાસિક ભૂચરમોરી રણભૂમિ નજીક લાંબા સમયથી જર્જરિત અને બિનઉપયોગી બનેલા પાણીના ટાંકાને વહીવટી તંત્ર દ્વારા ડિમોલિશ કરવામાં આવ્યો છે. આસપાસના લોકો તથા વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખી તંત્રએ આ જોખમી બાંધકામ દૂર કર્યું છે. આ પાણીનો ટાંકો દાયકાઓ જૂનો હોવાના કારણે તેના સ્લેબ અને પિલરો અત્યંત જર્જરિત થઈ ગયા હતા. ટાંકો ગમે ત્યારે ધરાશાયી થઈને કોઈ મોટી જાનહાનિ નોતરે તેવો ભય સ્થાનિકો અને રાહદારીઓમાં સતત સતાવી રહ્યો હતો. સ્થાનિક વહીવટી તંત્રની વિશેષ ટીમે સ્થળ પર પહોંચીને જરૂરી કાયદાકીય અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. ત્યારબાદ આ જોખમી ટાંકાને કાળજીપૂર્વક અને સુરક્ષિત રીતે જમીનદોસ્ત કરી દેવામાં આવ્યો હતો. આ જોખમી ટાંકો દૂર થતાં અકસ્માતનો મોટો ખતરો ટળ્યો છે, જેનાથી સ્થાનિક રહીશો અને માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે અને તંત્રની આ ત્વરિત કાર્યવાહીને બિરદાવી છે.




# કાલાવડનો ગુમ યુવક ૧ વર્ષે અમદાવાદથી મળ્યો

## કાલાવડ પોલીસે ફેસબુક વીડિયોથી કડી મેળવી; ઓપરેશન મિલાપ હેઠળ પરિવાર સાથે મિલાપ કરાવ્યો



**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડના ૪૦ વર્ષીય અતુલભાઈ પરસોતમભાઈ ચીખલીયા ૧૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ સુરત ખાતે હીરા ઘસવાનું કામ કરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેમનો પરિવાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને મોબાઈલ પણ બંધ આવતો હતો. આ અંગે તેમના પત્ની કિરણબેને ૧૨ જૂન, ૨૦૨૪ના રોજ કાલાવડ ટાઉન પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

જામનગર જિલ્લા એસપી ડો. રવિ મોહન સૈની અને ગ્રામ્ય ઉઢજાઃ પિયુષ વાંદાની સૂચનાથી કાલાવડ ડઈ પી.ટી. જયસ્વાલના માર્ગદર્શન

અનુ પાના નં.૨ પર

# શીવાગામમાં રિક્ષામાંથી ૧૦૦ લિટર દેશી દારૂ ઝડપાયોઃ ભાણવડ પોલીસે ૧.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ પોલીસે શીવાગામની ગૌશાળા પાસે જાહેર રોડ પરથી એક પેસેન્જર ટીઆગો રિક્ષામાંથી ૧૦૦ લિટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૨૦,૦૦૦ની કિંમતનો ગેરકાયદે દારૂ અને તેની હેરાફેરીમાં વપરાયેલી રિક્ષા સહિત કુલ રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જુગારના કેસો શોધવા ખાસ ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ખંભાળિયા DYSP મીત રૂદલાલ અને ભાણવડ PI વી.કે. કોઠિયાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.




આ દરમિયાન ASI કિશોરસિંહ ચંદુભા જાડેજા અને PC યોગરાજસિંહ દિલીપસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે, શીવાગામની ગૌશાળા પાસે GJ-07-YZ-0244 નંબરની પેસેન્જર ટીઆગો રિક્ષાને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન રિક્ષામાંથી ૧૦૦ લિટર દેશી દારૂ મળી આવતાં પોલીસે વાહન અને દારૂનો જથ્થો કબજે કર્યો હતો. આ મામલે આગળની વધુ તપાસ ઇંઈ જીતુભાઈ સામરાભાઈ જામ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# GST સ્કવોડની ખીજડીયા પાસે કામગીરી, બ્રાસ સહિત ૧૫૦૦ કિલોથી વધુ શંકાસ્પદ જથ્થો કબજે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની ભાગોળે ખીજડીયા બાયપાસ પાસે જીએસટી મોબાઇલ સ્કવોડે મોડી રાત્રે એક છોટા હાથી વાહનને અટકાવી બ્રાસ સહિત જુદા જુદા પાર્ટસનો અંદાજિત ૧૫૦૦ કિલોથી વધુ જથ્થો શંકાસ્પદ જણાતા કબજે કરી તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. જામનગર શહેરની ભાગોળે ખીજડીયા બાયપાસ પાસે જીએસટી મોબાઇલ સ્કવોડની ટીમે મોડી રાત્રે એક છોટા હાથી વાહનને અટકાવ્યું હતું, જેમાં બ્રાસ, સ્ટીલ અને પીતળ સહિત જુદા જુદા પાર્ટસના લગભગ ચાર ડઝનથી વધુ પાર્સલો મળી

અનુ પાના નં.૨ પર



# વૈચારિક હત્યા અને ઝેરીલા પ્રચારનું માધ્યમ એટલે સોશિયલ મીડિયા..!

## પોલિટિકલ કન્સલટિંગ કંપનીઓ ડેટાના આધારે મતદાતાના ગમા-અણગમા જાણી લે છે. લોકોને શું ગમે છે તે ધ્યાનમાં રાખી ક્લાયન્ટ રાજકીય પક્ષનું ચિત્ર એ પ્રકારે ઊભું કરે છે



વર્તમાન સમયમાં ફિલ્મ, રાજકારણ અને ધંધા ઉદ્યોગના ક્ષેત્રમાં સોશિયલ મિડિયાનો પ્રભાવ ખૂબ વધી ગયો છે અને તેમાં પાછું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નામનું બેધારી શસ્ત્ર હાથવગું બન્યું છે. પોતાના હિત માટે પ્રજાને ભોળવી, ફોંસલાવી દેવાનું હવે સરળ થઇ ગયું છે.

દેશના નાગરિકો વિશેના ડેટાનો ઉપયોગ કરીને કંપનીઓ કંઈક આવું જ કરે છે. જનતાનું ધીમે-ધીમે પદ્ધતિસર બ્રેઇનવોશ કરે છે અને પોતાના ગ્રાહક અથવા હજુરિયા રાજકીય પક્ષને વિજેતા બનાવે છે. આવી જ રીતે ડેટાના આધારે લોકમાનસનું પરિવર્તન કરી એક દેશની સરકાર બીજા દેશમાં પોતાના માટે લાભદાયી હોય એવા રાજકીય પક્ષને સત્તામાં લાવી શકે છે. દેશના નાગરિકનો ડેટા વિદેશી સરકારો અથવા કંપનીઓ પાસે પહોંચે છે. બહુ ગાજેલા વિદ્યાર્થી આંદોલન માટે પણ કોક્રોચ જનતા પાર્ટીએ ભીડ એકઠી કરવા સોશિયલ મિડિયા અને બીજા પ્લેટફોર્મનો ચાલાકી ભર્યો ઉપયોગ કર્યો હતો.

લોકોને સૌથી વધુ આશ્ચર્ય એ વાતનું થાય છે કે કેજરીવાલની પાર્ટીમાં એક સમયે મીમ બનાવવાની નોકરી કરનાર અભિજિત દીપકે રાતોરાત સમસ્ત ભારતમાં પ્રખ્યાત કે (કુખ્યાત) કેવી રીતે થઈ ગયો. સાધારણ પરિવારમાં જન્મેલો, મહારાષ્ટ્રના એક ગામડેથી સીધો અમેરિકા સ્થળાંતર કરી ગયેલો અભિજિત અચાનક ભારત પાછો ફર્યો. એ પણ જસ્ટિસ સૂર્યકાન્તે આજના ઉછાંછળા યુવાનો માટે કોક્રોચ શબ્દ પ્રયોગ કર્યો એ મુદ્દે આંદોલન છેડવા તૈયાર થયો. એ થોડી નવાઈ લાગે એવી વાત છે. ૧૫ મેના રોજ ન્યાયાધીશ સૂર્યકાંતે કોક્રોચની ટિપ્પણી કરી અને ૧૬ મેના રોજ અમેરિકામાં બેઠા બેઠા અભિજિતે કોક્રોચ જનતા પાર્ટીની સોશિયલ મિડિયા પર ઘોષણા કરી. એ તો ઠીક જોતજોતામાં માત્ર ભારત જ નહીં, પાકિસ્તાન, તુર્કી, મલેશિયા, બાંગાલાદેશ અને યુરોપ-અમેરિકામાં તેના બે કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ગયા. અર્થાત સાત દિવસમાં આટલા બધા ચાહકો મળ્યા!

મહારાષ્ટ્ર સાયબર પોલીસના દાવા અનુસાર ૫૦૦ થી વધુ શંકાસ્પદ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ઓળખી કાઢવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાન, મલેશિયા અને પશ્ચિમ એશિયાઈ દેશોમાંથી લગભગ ૧૦૦ ખાતાઓ ચલાવવામાં આવી રહ્યા હતા. તપાસ દરમિયાન, ૪૨૯ વાંધાજનક પોસ્ટ અને હેન્ડલ ઓળખાયા હતા.૧૪૦ થી વધુ પોસ્ટ્સમાં એઆઈ અને ડીપફેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ખૂબ ઝીણવટભરી તપાસમાં ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એક્સ અને યુટયુબ પર અસંખ્ય શંકાસ્પદ એકાઉન્ટ્સ બહાર આવ્યા હતા. આ બધા એકાઉન્ટ્સ નકલી અને એઆઈ જનરેટેડ સામગ્રી ફેલાવી રહ્યા હતા. એટલું જ નહીં, વિદ્યાર્થી આંદોલનને વધુ ભડકાવી રહ્યા હતા.

આ સિવાય તપાસ એજન્સીની ફોરેન્સિક લેબ તપાસમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા. જેમ કે કેટલીક વાંધાજનક પોસ્ટમાં નકલી ભીડના દ્રશ્યો સામેલ હતા. રાજકારણીઓના કૃત્રિમ અવાજો અને ક્લોન કરેલા ઓડિયો પ્રસારિત કરવામાં આવ્યા હતા. જાહેર વ્યક્તિઓના વીડિયો સાથે છેડછાડ કરવામાં આવી હતી.

સાવચેતીના પગલા રૂપે પોલીસે જાહેર જનતાને કોઈપણ સમાચાર શેર કરતા પહેલા તેની ચકાસણી કરવાની પણ અપીલ કરી છે. તેમણે જાહેર જનતાને કોઈપણ સંદેશને ચકાસણી વિના ફોરવર્ડ કરવાથી દૂર રહેવાની પણ અપીલ કરી છે.

જોવાની વાત એ છે કે પેપર લીક મુદ્દેના નીટ પેપર લીક કેસમાં આંદોલન ચલાવી શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં સફળ નીવડેલી કોકરોચ પાર્ટી (સીજેપી)એ હવે સોશિયલ મિડિયાના જોરે જ બીજો મોરચો ખોલ્યો છે. તેમનું આગામી નિશાન છે કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી અને પેટ્રોલિયમ હરદીપ પુરી. સીજેપીની જેમ આ નવું નાટક ચલાવવા ઈ-૨૦ પાર્ટી બનાવવાની જાહેરાત થઈ ચૂકી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દસ દિવસ પૂર્વે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરતા ઈન્સ્ટાગ્રામ અને ફેસબૂક પર પહેલો સેલ્ફી વીડિયો પોસ્ટ કર્યો હતો. જોકે, ફેસબૂકે ભારતમાં જ પીએમ મોદીનો આ વીડિયો બ્લોક કરી દેતાં ભારે હોબાળો મચી ગયો હતો. આ વીડિયો પીએમ મોદીએ ફેસબૂક પરથી પણ પોસ્ટ કર્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો ૨૪ કલાકમાં 300 મિલિયન વખત જોવાયો હતો. જોકે, ત્રણ દિવસ પછી આ સેલ્ફી વિડિયો ફેસબુક પરથી ગાયબ થઈ ગયો હતો. વડાપ્રધાનનો વીડિયો પ્રતિબંધિત કરવા મુદ્દે સોશિલ મીડિયા પર આકરી ટીકા થતા મેટાએ આ વીડિયોને ભારતમાં ફરીથી રિસ્ટોર કરી દીધો છે.

મેટાના પ્રવક્તાએ આ કન્ટેન્ટ ભૂલથી હટાવી દેવાયું હતું. એવો પાંગળો બચાવ કર્યો હતો. પરંતુ આ ઘટના પાછળ કોઈ મેલી રમત રમી રહ્યું હોવાની ગંધ જાય છે. ભારતીય રાજકારણમાં વિદેશી એજન્સીઓનો ચંચુપાત પણ વધી ગયો છે. કેમ્બ્રિજ એનાલિટિકા નામ હમણા બહુ ગાજ્યું. આ કંપની છેલ્લાં દોઢ દાયકાથી ભારતીય રાજકારણમાં સીધો હસ્તક્ષેપ કરે છે. ૨૦૧૦માં આયોજિત બિહાર વિધાનસભા ચૂંટણીમાં વિસ્તૃત ચૂંટણીગત વિશ્લેષણ કર્યું તેમણે જોયું કે ૧૫ વર્ષ સુધી એકની એક સરકાર રહેવા છતાં રાજ્યની બુરી હાલત છે. રિસર્ચ ઉપરાંત કેમ્બ્રિજ એનાલિટિકાને ગ્રામ્ય સ્તર પર પાર્ટી સંગઠનને સુદ્રઢ બનાવવાનું કામ મળ્યું હતું, જેથી કરીને મતદારો સાથે સંવાદ સાધી શકાય. તેમની જોડે સંપર્ક વધારી શકાય. પરિણામે જે પાર્ટીએ જેટલી બેઠકો પર તેમની સેવાઓ લીધી હતી તેમાંથી ૯૦ ટકા પર તેમને વિજય પ્રાપ્ત થયો.ભાજપ અને જેડીયુએ આ સેવાઓ લીધી હતી. મતલબ, સરકાર જે પ્રકારે કામ કરે તે મુજબ એને જીત નથી મળતી. જે પ્રકારે તે પ્રચાર કરે તે પ્રમાણે સીટો મળે છે. ટૂંકમાં વિશ્લેષણ અને પ્રચાર કંપનીઓ ભારતની ચૂંટણીઓ ટેકઓવર કરવા લાગી છે.

ચૂંટણીના સમયમાં વ્યસ્ત જનતા પાસે એ જોવાનો સમય નથી કે સરકારે કેટલું કામ કર્યું, કેટલી કામચોરી કરી અને કેટલો ભ્રષ્ટાચાર કર્યો. જેટલો પ્રચાર તે જનતા સુધી પહોંચાડી શકે એટલી તે ફાયદામાં રહે છે. મોબાઇલ કંપનીના સેલ્સમેન માટે જે રીતે સીમકાર્ડ વેચવું એ એક ટાર્ગેટ છે તેમ રાજકીય પક્ષો માટે વધુમાં વધુ મત મેળવવા એ એક લક્ષ્યાંક છે. રાજકીય પક્ષો પાસે કોર્પોરેટ કંપની જેવું માળખું દરેક સ્તરે હોતું નથી. એટલે તેઓ આ કામ પોલિટિકલ કન્સલ્ટિંગ કંપનીને આપી દે છે.

આ કંપનીઓ કઈરીતે મતદાતાનું માનસ પરિવર્તન કરે છે તે સમજતા પહેલા સોશિયલ સાઇટ્સ પરના ડેટાની તાસીર સમજીએ. તમને અનુભવ હશે કે તમે જૂતા એક વખત ઓનલાઇન મંગાવો એટલે ફેસબુકમાં દર થોડા થોડા દિવસે એ કંપનીના નવા જૂતાં અને તેના દ્વારા વેચાતી નવી-નવી વસ્તુઓ તમારા સર્ફિંગ એરિયામાં દેખાશે. તમે ત્રણ-ચાર વખત વિવિધ પુસ્તકોનું સર્ચ કરો કે તેની ખરીદી કરો એટલે તેઓ તમારી પસંદનું આકલન કરી લે અને એ પ્રકારના પુસ્તકો તમને એફબીમાં એક પટ્ટીમાં દેખાડયા કરે. એલ્ગોરિધમની મદદથી ફેસબુક તમારી લાઇક અને કોમેન્ટનું એનાલિસીસ કરી એ જાણી લે છે કે તમને શું ગમે છે, તમે કેવા છો અને તમને શું નથી ગમતું? તમને જે ગમે છે એ પ્રકારનું જ કન્ટેન્ટ તમારા એફબી એકાઉન્ટમાં દેખાય એ માટે પણ તેઓ અલ્ગોરિધમ સેટ કરે છે, જેમાં તેઓ ૯૦ ટકા સફળ નીવડે છે. તમારી લાઇક-કોમેન્ટ અને પોસ્ટનું વિશ્લેષણ કરી ફેસબુક જે ડેટા તૈયાર કરે તેને સાઇકોગ્રાફિક ડેટા કહે છે.

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં ખોડિયાર કોલોની વિસ્તારમાં ફૂડ શાખા દ્વારા સઘન ચેકિંગની કાર્યવાહી

### ૭ કિલો વાસી ખોરાકનો જથ્થો નાશ કરાયોઃ ૨૨ સ્થળોએ ચેકિંગ દરમિયાન ૧૨ કિલો જથ્થાનો નાશ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં એનાલોગ પનીર સહિતની પ્રોડકટસ મામલે ચેકીંગ ઝુંબેશ યથાવત રાખવામાં આવી હતી.જેમાં રવિવારે ખોડીયાર કોલોનીથી સમર્પણ સર્કલ સુધી જુદી જુદી ૨૨ પેઢી ખાતે ચેકિંગ કરાયુ હતુ. જેમાં પાંચ કિલો એનાલોગ પનીર,બટર સહિતની પ્રોડકટસ ઉપરાંત સાત કિલો વાસી ખોરાકનો નાશ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે એનાલોગ પનીર,ચીઝ,બટરના વેચાણ મુદદે માર્ગદર્શિકા જાહેર કરી હતી.જેના પગલે જામ્યુકોની ફૂડ શાખાએ પણ ત્વરીત હરકતમાં આવી સતત ત્રીજા દિવસે શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકીંગ ઝુંબેશ ચાલુ રાખી હતી. જેમાં શહેરના ખોડીયાર કોલોનીથી સમર્પણ સર્કલ સુધીના વિસ્તારમાં ફુડ શાખાની બે ટીમ દ્વારા જુદા જુદા બાવીસ

અનુ પાના નં.૨ પર

## જામનગર શહેર કોંગ્રેસ દ્વારા 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ સંપન્નઃ રાહુલ ગાંધીનું વર્ચ્યુઅલ સંબોધન

### 'દર્દ, ડેટા અને દોલત'ના મુદ્દે વિદ્યાર્થીઓની સમસ્યાઓ પર ચર્ચાઃ શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર કોંગ્રેસ દ્વારા 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેમની સાથે થઈ રહેલા અન્યાય મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી કોંગ્રેસના સીનિયર નેતા રાહુલ ગાંધીએ લાઈવ સંબોધન આપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અને યુવાનો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ પક્ષ તેમની સાથે અન્યાય સામેની લડાઈમાં ખભેખભા મિલાવીને મેદાનમાં ઉતર્યો છે. તેમણે 'દર્દ, ડેટા અને દોલત'ના મુખ્ય મુદ્દાઓને કેન્દ્રસ્થાને રાખીને ઉપસ્થિત લોકો

અનુ પાના નં.૨ પર

## ભાણખોખરી પંથકમાં દરોડો, ૫ લાખની મત્તા કબજેઃ વાડીના મકાનમાંથી જુગારનો અખાડો પકડાયો, સાત ઝબ્બે




**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા નજીક ભાણ ખોખરી પંથકમાં સ્થાનિક પોલીસ અને એલસીબી ટીમે સંયુક્ત દરોડો પાડી વાડીના મકાનમાં ધમધમતો જુગારનો અખાડો પકડી પાડ્યો હતો. પોલીસે રૂ. ૨.૦૫ લાખની રોકડ રકમ સહિત કુલ રૂ. ૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી તમામ શખસો સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ખંભાળિયા ગ્રામ્ય પંથકમાં એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમ સંયુક્ત પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ભાણ ખોખરી ગામે વાડી વિસ્તારમાં ધરણાંત આલાભાઈ ચુડાસમા નામનો શખસ પોતાના કબજા ભોગવટાના મકાનમાં જુગારનો અખાડો ચલાવતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં સ્થળ પરથી સાત શખસો જુગાર રમતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે મુખ્ય સૂત્રધાર ધરણાંત ચુડાસમા ઉપરાંત મનોજ ઉર્ફે વિજય મોહનભાઈ સોનગરા, રિછા ગગાભાઈ પિંડારીયા, લખમણ દેવશીભાઈ પિંડારીયા, અશ્વિન ડાડુભાઈ કરમુર, કરશન ખીમાભાઈ આંબલીયા તથા કરશન કચરાભાઈ કરમુરને પકડી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૨.૦૫ લાખની રોકડ, ૬ મોબાઈલ ફોન, ૪ બાઈક અને ૧ ઈકો વાહન મળી કુલ રૂ. ૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસના આ અચાનક દરોડાથી જુગારીઓમાં ક્ષણિક દોડધામ અને અફરાતફરી મચી જવા પામી હતી.




સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com